વંચાણે લીધા :

**૧.** અધિક્ષક ઇજનેરશ્રી,જી.આઈ.ડી.સી.,અમદાવાદના તા.૨૩/૧૨/૨૦૨૫ ના જા.નં. જીઆઈડીસી/ઈએન્જી/અઇ/અમદ/239 તથા

**૨.** પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૦૭/૨૦૨૨, તા.૨/૩/૨૦૨૨ તથા

**૩.** પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૧૮/૨૦૨૩, તા.૧૦/૪/૨૦૨૩ તથા

**૪.** પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૨૪/૨૦૨૫, તા.૩/૮/૨૦૨૫ અન્વયે.

## જાહેરનામું

## પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૫૦/૨૦૨૫, તા.૩૦/૧૨/૨૦૨૫

હું, જી.એસ.મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) તથા ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં વટવા જી.આઈ.ડી.સી. ઔધોગિક વસાહતમાં ખારીકટ કેનાલ પર મચ્છુનગર પાસે આવેલ બ્રીજ જર્જરીત હોવાથી ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન દ્વારા તોડી નવો બ્રીજ બનાવવાની કામગીરી કરવામાં આવનાર છે. જે અંગે ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઈ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ/ડાયવર્ઝન કરવા હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં વટવા જી.આઈ.ડી.સી. ઔધોગિક વસાહતમાં ખારીકટ કેનાલ મચ્છુનગર પર આવેલ બ્રીજ આશરે ૨૩ મીટર લંબાઈનો બ્રીજ તોડી પાડી નવનિર્માણ કરવાનો હોવાથી તેનું આસિસ્ટન્ટ એન્જીનીયર,ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ, અમદાવાદ દ્વારા નિરીક્ષણ કરતા સદર જગ્યાએ બ્રીજ પરનો આવતો જતો ટ્રાફિક ડાયવર્ટ કરવા માટે રામોલ ચાર રસ્તાથી ત્રિકમપુરા પાટીયા સુધી આશરે ૨૦૦ મીટરનો રોડ તમામ પ્રકારના વાહનોની અવર-જવર તાત્કાલિક બંધ કરવી પડે તેમ જણાઈ આવેલ છે. જેથી આ બ્રિજ ઉપર રામોલ ચાર રસ્તાથી ત્રિકમપુરા પાટીયા સુધી આશરે ૨૦૦ મીટર તરફ જતા **તમામ પ્રકારના વાહનોની અવર-જવર તા.૧/૧/૨૦૨૬ થી તા.૩૦/૬/૨૦૨૬ સુધી** સંપુર્ણ બંધ કરવા પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાતુ હોય જેથી નીચે મુજબની વિગતે ઉક્ત વાહનોની અવર-જવર માટે રસ્તો બંધ/ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગની વિગત | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | વટવા જી.આઈ.ડી.સી. મચ્છુનગર બ્રીજ જે રામોલ ચાર રસ્તાથી અંબિકા ત્રણ રસ્તા સુધી આશરે ૨૦૦ મીટર જેટલો માર્ગ તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે બંધ રહેશે. | **૧.** વટવા જી.આઈ.ડી.સી. મચ્છુનગર અંદરના ભાગથી આવતો ટ્રાફિક રામોલ પોલીસ ચોકી થઈ હાથીજણ લાલગેબી સર્કલ થઈ ત્રિકમપુરા વાળા અલગ અલગ મુખ્ય માર્ગ જઈ શકશે.<br>**૨.** વટવા જી.આઈ.ડી.સી. બહારથી જી.આઈ.ડી.સી. અંદર આવવા માટે ત્રિકમપુરા ચાર રસ્તાથી ડાબી બાજુ વળી જી.આઈ.ડી.સી. તરફ અલગ અલગ માર્ગો તરફ જઈ શકશે. |

## -: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૧/૧/૨૦૨૬ થી તા.૩૦/૬/૨૦૨૬ સુધી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦/૧૨/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

તા.૩૦/૧૨/૨૦૨૫
અમદાવાદ શહેર

**( જી.એસ.મલિક )**
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બૅરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટેન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)

(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂં.
(૨૮) કાર્યપાલક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, અમદાવાદ,સાતમો માળ,બ્લોક-સી, બહુમાળી ભવન,વસ્ત્રાપુર,અમદાવાદ શહેર